# પ્રસ્તાવના

મારો પહેલો ગઝલસંગ્રહ ‘હાજર હૃદયથી હોઈએ’ ‘હિટ’ ગયો. બીજો ગઝલસંગ્રહ ‘જાતે પ્રગટ’ ‘સુપર હિટ’ થયો. લોકોએ મારી ગઝલોને જે ચાહી છે કે એની કોઈ હદ નથી. બસ એટલે જ હું અભાવમાં સતત લખતો રહ્યો અને એટલે જ આ સંગ્રહનું નામ ‘અભાવ કવિતા બની ગયો’ રાખ્યું છે.

મારા વિશે તો શું કહું. મારા ત્રણેય સંગ્રહ ભયાનક ડિપ્રેશનમાં આવ્યાં છે. ઈશ્વરે મને આપેલી તકલીફોને લીધે મને ગઝલો મળી છે. એ તમામ ગઝલો કેવા મૂડમાં અને કેવી દશામાં લખાઈ છે એ હું જાણું છું અને એવા ભાવકો જાણી શકશે જે કવિતાના ઊંડાણ સુધી જઈ શકે. ટૂંકમાં હૃદયથી લખાયેલી ગઝલો હૃદયવાળા જ માણી શકે છે.

મને મારો ત્રીજો સંગ્રહ પ્રગટ કરતાં આનંદ થાય છે. હવે, આ સંગ્રહ હિટ જાય છે કે ફ્લોપ એ હું ભાવકો પર છોડું છું.

**– વિકી ત્રિવેદી**

વિચારોનાં મોજાં ઊછળતાં રહે છે,
ગઝલરૂપે મોતીડાં મળતાં રહે છે.

તમે ચાંદ થઈ જિંદગીમાં પધાર્યા,
દુઃખોના બધા સૂર્ય ઢળતા રહે છે.

એ સંવેદના માટે સિંચાઈ છે દોસ્ત,
નયનથી જે આંસુ નીકળતાં રહે છે.

કરે અંત હમણાં જ કળિયુગનો કિન્તુ,
પ્રભુ બાળકોથી પીગળતા રહે છે.

બને આપણે જોયાં એ સપનાં ના હો,
કે સપનાં તો હંમેશાં ફળતાં રહે છે.

દુઃખોમાં રડે એને નબળા ન ગણવા,
કે વરસાદમાં ઘર પલળતાં રહે છે.

પુરાવો છે કે ભોળપણ જીવતું છે,
મને ત્રીસે પણ લોક છળતા રહે છે.

વિચારો અભણનેય પજવે છે નહીંતર
કહો કેમ ડોશીમાં દળતાં રહે છે?

મરણ આવે તો સૌને મરવું જ પડશે,
મળે પ્રેમ તો બસ સરળતા રહે છે.

‘વિકી’ ચાલવું એ ફરજ છે તો ચાલો,
કદી ત્યાં જશું જ્યાં સફળતા રહે છે.

જનમોજનમ જોયું છે દુનિયા ઊભી છે સાંકળ બની,
પણ પ્રેમ સામે આખરે દુનિયા સદા નિર્બળ બની.

એક જન્મે હું સાગર હતો ત્યારે મળી'તી જળ બની,
પર્વતને છોડી આવતી મળવા મને ખળખળ બની.

તું ડાયરી લખતી હતી એક જન્મમાં દરરોજ ને,
દરરોજ સવારે સાંજે હું જોતો તને કાગળ બની.

ધરતીરૂપે તું જીવતી ત્યારે આ સૂરજ બાળતો,
હું ઠારવા ત્યારે તને આવી જતો વાદળ બની.

તું પાછલા જન્મે હતી એક ડાળ એ જો યાદ હોય,
ત્યારે તને હું આ રીતે અડક્યો હતો કૂંપળ બની.

જ્યારે ગુલામીએ તને એક દેશમાં જકડી હતી,
ટેકો કર્યો'તો મેં તને એ દેશમાં ચળવળ બની.

એક વાર તું મંદિરમાં ભગવાનનો પથ્થર હતી,
આવ્યો હતો મળવા તને એ વખતે હું શ્રીફળ બની.

બસ ત્યારથી મળતાં રહ્યાં છીએ આ રીતે આપણે,
પહેલી વખત જ્યારે કહાની આપણી નિષ્ફળ બની.

એક જન્મે તો એવું કે તું માણસ હતી ને હું જમીન,
જીવ્યો હતો એ જન્મમાં હું તારું ગમતું સ્થળ બની.

એક વાર હું ભૂલી ગયો'તો પાછલા જન્મો સનમ,
તું યાદ કર, એ જન્મમાં તું કેટલી વિહ્વળ બની!

રણમાં હરણ થઈને હું જન્મ્યો એ જમાનો યાદ છે?
તેં દોડતો રાખ્યો હતો કેવો મને મૃગજળ બની.

તું બે દિવસ માટે બની'તી ફૂલ જ્યારે એ વખત,
ક્ષણની ઉંમર લઈનેય હું આવ્યો હતો ઝાકળ બની.

આ જન્મમાં જ્યાં તું મળી તો એવું લાગે છે મને,
કે તું મળી છે જાણે કે મારા કરમનું ફળ બની.

આ જન્મમાં પણ આપણું મળવું તો અઘરું છે જ છે,
પણ યાદ કર કે કેવી કેવી ઘટના ત્યાં પાછળ બની.

ભાથામાં એક તો હવે આ છેલ્લું તીર છે,
એમાં નિશાનબાજની આંખોમાં નીર છે.

છે કોઈ મારું પણ ભલા શી રીતે ઓળખું?
ચહેરો નથી આ હાથમાં કેવળ લકીર છે!

મેં એટલે જ રોક્યો નથી તારા પ્રેમને,
એ મારા દિલનો વતની નથી, રાહગીર છે.

દુનિયાના સુખને જોઈને લાગ્યું ગરીબને,
કે મારે ચાંચ છે અને થાળીમાં ખીર છે.

એ કોણ છે કે જેને હજુ મોહ છે ભીતર?
ગઝલો વણ્યા કરે એ હૃદય તો કબીર છે.

સૌથી વધારે વેદના એણે સહન કરી,
એને સલામ, આ ધરા જેનું શરીર છે.

એ કારણે હું આંખ મીંચી ચાલું છું પ્રભુ,
મારો જે દસ્તગીર[1] છે, મારું ખમીર છે.

---

*1 દસ્તગીર - માર્ગદર્શક / હાથ પકડીને ચલાવનાર*